## આજની નવલી નવરાત

- સેકટર-૩-ન્યુ નવરાત્રી ચોકમાં જુગલબંધી મ્યુઝિકલ ઓરકેસ્ટ્રા હરિશભાઈ રાસ ગરબાની રમઝટ કરાવશે.
- સેકટર-૩-બી નવરાત્રી ચોકમાં વાવોલની દિનેશકુમાર એન્ડ પાર્ટી ખેલૈયાઓને ઢોલે રમાડશે.
- સેકટર-૫-સી નવરાત્રી ચોક ખાતે રોક સ્ટાર મ્યુઝિકલ ગૃપના તાલે ખેલૈયાઓ ઝુમશે.
- કલ્ચરલ ફોરમ ગાંધીનગર બાલનગરી ગ્રાઉન્ડ સેકટર-૬ ખાતે ભૌમિક શાહ, આનલ વસાવડા અને સંકેત ખાંડેકરના તાલે ખેલૈયાઓ ઝુમી ઉઠશે.
- સેકટર-૮ એકતા ચોકમાં બળદેવભાઈ સોલંકી રાસ ગરબાની મોજ કરાવશે.
- સેકટર-૧૭ નવરાત્રી મહોત્સવમાં ઝનકાર ગૃપ ખેલૈયાઓને ગરબે રમાડશે.
- સેકટર-૨૨ સાર્વજનિક નવરાત્રી મહોત્સવમાં ઝનકાર ગૃપના હિતેષ જાનીના તાલે ખેલૈયાઓ ઝૂમશે.
- સરઢવ વારાહી ચોકમાં અમદાવાદના કોમલ આર્ટના નિશા બારોટ અને નરેશ સોલંકીના તાલે ખેલૈયાઓ ગરબે ઘુમશે.
- સરઢવ માંડવી ચોકમાં સુરપંચમ્ બિટસ નીતિન બારોટ, સોનુ ચારણ રાસ ગરબાની રમઝટ કરાવશે.

## આનંદના ગરબા

● માઈ મંડળ સે-૨૩ દ્વારા આનંદનો ગરબો આજે મંગળવારે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ દરમિયાન બ્લોક નં. ૩૩૯ ચર્ચની સામે સવિતાબેન સોલંકીના નિવાસસ્થાને યોજાશે. ભાવિ ભકતોને ધાર્મિક કાર્યક્રમમાં પધારવા હાર્દિક આમંત્રણ આપવામાં આવ્યું છે.

● મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો આજ રોજ બપોરે ૨ થી ૫ દરમિયાન ક-૫ સર્કલ ખાતે જીઆઈડીસીમાં સંધી માતાના મંદિરે યોજાશે. ભાવિક ભકતોને પધારવા આમંત્રણ પાઠવ્યું છે.

## દેહદાન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર મેડીકલ કોલેજને દેહદાન અર્પણ કરવામાં આવ્યું છે. શહેરના સેકટર-૪-એ, પ્લોટ નં. ૧૦૫૩/૧માં રહેતા જયાબેન શ્રીધરભાઈ ત્રિવેદી ઉ.વ.૯૬નું અવસાન થવા પામ્યું છે. તેમના પુત્ર પ્રદિપ ત્રિવેદીની સહમતીથી મેડીકલ કોલેજે જુનિયર સિટિઝન કાઉન્સિલની મદદથી દેહદાન મેડીકલ કોલેજને અર્પણ કરવામાં આવ્યું છે.

## દિવ્ય જીવન સંઘ દ્વારા યોગ-ધ્યાન શિબિર

ગાંધીનગર, તા.૨૯

દિવ્ય જીવન સંઘ ગાંધીનગર તથા શ્રી ગાયત્રી શકિતપીઠના સંયુકત ઉપક્રમે તા. ૧લી ઓકટોબરથી ૧૦મી ઓકટોબર સુધી યોગ-ધ્યાન શિબિર યોજાશે. યોગાસન, પ્રાણાયામ, ધ્યાન ઉપરાંત યોગ દ્વારા તણાવ ઉપચાર માટે, સાચું શ્વસન, વિવિધ બિમારીઓમાં ઉપચારો માટે તથા રોકવા માટેના આસન-પ્રાણાયામ, શારિરીક-માનસિક આરોગ્ય વિગેરેનું પ્રશિક્ષણ અપાશે. આ માટે ૯૮૨૪૦૫૫૧૮૭ ઉપર સંપર્ક કરવા જણાવવામાં આવેલ છે.

## ૩૭ વર્ષિય પરણિત યુવાન એક મહિનાથી લાપત્તા

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર નજીક સ્થિત કુડાસણ ગામના જય યોગેશ્વર ફ્લેટમાં રહેતા ૩૭ વર્ષિય પરણિત યુવાન ચિરાગભાઈ રામભાઈ પટેલ ૩૦ ઓગસ્ટે ચિલોડાથી ઘરે જાણ કર્યા વગર કોઈને કાંઈ કહ્યા વિના ચાલ્યા ગયા હતા. તેમની પત્નિ પાર્વતીબેન સહિત પરીવારજનોએ એક મહિના સુધી શોધખોળ કરી પરંતુ હજુ સુધી તેનો કોઈ પત્તો લાગ્યો નથી. ગુમ થયેલા યુવાનના પત્નિને ફરીયાદને આધારે ચિલોડા પોલીસે જાણવા જોગ નોંધીને એએસઆઈ દિલાવરખાને તપાસ શરૂ કરી છે.

## ચોથું નોરતુ
### કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

| કેટેગરી | વિજેતા ખેલૈયા |
|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - | કેવિન પટેલ - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | હર્ષ પારેખ - રનર્સઅપ |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | શ્રેયા ઠક્કર - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | દેવાંશીબા ઝાલા - રનર્સ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | અનુજ ચાવડા - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | નીલ શાહ - રનર્સ અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | મૈત્રી મર્ચન્ટ - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | ક્રિષા શાહ - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | નિકેત સોલંકી - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | ધ્રુવ શાહ - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | કુંપલ દાફડા - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | ચીનાર વંકાણી - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | દર્શન ગોસ્વામી - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | અર્જુન રજવાણીયા - રનર્સ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | ઈશાની જોષી - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | ક્રિશ્ના ત્રિવેદી - રનર્સ અપ |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | ભાવેશ એરડા - વિનર |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | ભાવેશ વાયડા - રનર્સઅપ |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | મેઘલ એરડા - વિનર |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | આરતી પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ પેર | ઝીનલ દક્ષિણી - દિપક સોલંકી - વિનર |
| બેસ્ટ પેર | રાજવી શાહ-પિયુષ રાવલ - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | સુરજસિંહ ડાભી - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | કરણજીત પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | પ્રિયંકા રાવલ - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | નિપા પટેલ - રનર્સ અપ |

# સે-૨માં રહેતી પ્રૌઢાનો પંખે લટકી જઈ ગળે ફાંસો
## ડીપ્રેશનને લઈ માનસિક બિમારીની દવાઓ ચાલતી હતી

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર શહેરના સેકટર-૨-બીમાં રહેતી ૫૦ વર્ષીય પ્રૌઢાએ ગઈ સાંજે પોતાના ઘરે જ પંખે લટકી જઈ ગળે ફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી છે. પ્રૌઢાએ કયાં કારણોસર આપઘાત કર્યો તે હજુ બહાર આવ્યું નથી પરંતુ પ્રાથમિક તપાસમાં ડીપ્રેશનની ચાલતી દવાઓ કારણભૂત હોવાનું જાણવા મળ્યું છે. સે-૭ પોલીસે મૃતદેહ પી.એમ. માટે મોકલી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ શહેરના સેકટર-૨-બી પ્લોટ નં. ૮૨૩/૨માં રહેતા ૫૦ વર્ષીય આરતીબેન અનિલકુમાર જૈનના પતિ એલઆઈસીમાં ઈન્દોર ખાતે નોકરી કરે છે. છેલ્લા ઘણા સમયથી આરતીબેનને ડીપ્રેશનની દવા ચાલી રહી હતી. દરમિયાન ગઈ કાલે સાંજના અરસામાં પોતાના ઘરે કોઈ અગમ્ય કારણોસર પંખે લટકી જઈને ગળે ફાંસો ખાઈ લીધો હતો. દિકરા આયુષને ઘટનાની જાણ થતા સે-૭ પોલીસને જાણ કરી હતી. સે-૭ પોલીસમથકના પીએસઆઈ વી.યુ. ગડરીયા તેમની ટીમ સાથે ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો નોંધી આપઘાતનું ચોકકસ કારણ બહાર લાવવા તપાસ શરુ કરી છે.

# 'ગાંધર્વવેદ વર્તમાનકાળ સુધીનો કાલાતીત' અનુભવ વિષય પર ૬૯મી પ્રવચનમાળા કાર્યક્રમ યોજાયો

આર્ષ સંશોધન કેન્દ્ર ગાંધીનગર દ્વારા પરમ પૂજય શ્રી -મુખસ્વામી મહારાજની -રણાથી છેલ્લા ૧૭ વર્ષથી નિયમિતરૂપે ભારતીય મૂલ્યોનું સંવર્ધન થાય, તે હેતુને લક્ષમાં રાખીને જે તેવિષયના સ્વામીએતેમના -વચનમાં જણાવ્યું હતું કે, વેદોથી લઈને સંગીતની બે પરંપરાનું ગાન છે. સામવેદની અને બીજી ગાંધર્વવેદની પરંપરા. તેની સાથે સામ ગાન પણ જોડાયેલ છે. ગાંધર્વ શબ્દનોઉલ્લેખ



વિદ્વાનો દ્વારા વ્યકિતવિશેષ, સામાજિક સમસ્યા, દર્શન અને શાસ્ત્ર પર દર ત્રણ માસે -વચનનું આયોજન થાય છે. તાજેતરમાં શાસ્ત્ર વિષયક -વચનમાળા અંતર્ગત આર્ષ અક્ષરધામ દ્વારા ઁગાંધર્વવેદ: (ભારતીય સંગીતશાસ્ત્ર) વર્તમાનકાળ સુધીનો કાલાતીત અનુભવ ૬૯મી -વચનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ -સંગે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયના સંગીત -ધ્યાપક પૂજ્ય મધુરવદનદાસ સ્વામીએ આ વિષે -વચન કર્યુ હતું. -વચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

પૂજય મધુરવદનદાસ સીતોપનિષદમાં છે. સામવેદનું ઉપવેદ ગાંધર્વવેદ છે. મહાભારતમાં પણ જણાવવામાં આવ્યું છે. ગંધર્વ શબ્દમાંથી ગાંધર્વ શબ્દ આવ્યો. પાન કરતાં કરતાં ગાય તેનું નામ ગંધર્વ. ગંધર્વો સંગીત વિદ્યામાં -વીણ હતા એટલે ગંધર્વ ઉપરથી ગાંધર્વ વિદ્યા નામ આપવામાં આવ્યું. ગાંધર્વ સંગીત છે. સારી રીતે ગાવામાં આવે તેનું નામ સંગીત. સંગીતરત્નાકર જેના રચયિતા સારંગ દેવ છે.તેમાં જણાવ્યું છે કે ગાન, વાદન અને નૃત્ય ત્રણ ભેગા થાય તેને સંગીત કહેવામાં આવે છે. -ચીન ભીતચિત્રોમાં પણ સંગીતની કળા જોવામાં આવે છે. સંગીતનું ઉદ્ગમ કેવી રીતે થયું તે જાણીએ. જ્ઞાનમાત્ર અને કળામાત્રના દાદા ભગવાન છે.



ગાંધીનગરની જાણીતી કંપની કલ્પતરૂ પાવર દ્વારા ચેરમેન મફતરાજ મુનોતનાં ૭૦મા જન્મદિને રકતદાન શિબિર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સેકટર-૨૫ સ્થિત કલ્પતરૂ પ્લાન્ટ ખાતે યોજાયેલ આ રકતદાન કાર્યક્રમ ગાંધીનગર સીવીલ હોસ્પિટલનાં સહયોગથી રાખવામાં આવ્યો જેમાં ૭૦ બોટલ રકત એકત્ર થયું હતું. સેવાકીય કાર્યક્રમને સફળ બનાવવામાં કલ્પતરૂ પાવરનાં વડા મહેન્દ્ર પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. કંપનીના જ સંજય થોરાતે ૫૦મી વખત રકતદાન કરી સમાજ સેવાનું ઉત્તમ ઉદાહરણ પુરું પાડયું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

# વાવોલ ગામમાં તસ્કરોનો તરખાટ : ત્રણ મકાનોના તાળા તુટ્યા
## કેશવ પાર્ક સોસાયટીમાં બે મકાનોમાં ઘરફોડનો નિષ્ફળ પ્રયાસ : સુભમ ફલેટમાં નકુચો તોડીને સોના-ચાંદીના દાગીના ઉઠાવી તસ્કરો ફરાર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા વાવોલ ગામમાં તસ્કર ટોળકીએ રીતસરનો સપાટો બોલાવી નાંખ્યો છે. કેશવપાર્ક સોસાયટીના બે મકાનો અને તેની જ બાજુમાં સ્થિત શુભમ ફલેટમાં એક મકાન મળીને ત્રણ મકાનોને તસ્કરોએ નિશાન બનાવ્યા છે. જે પૈકી કેશવપાર્કના બે મકાનોમાં ચોરીનો પ્રયાસ નિષ્ફળ રહ્યો હતો જ્યારે શુભમ ફલેટમાં સોના-ચાંદીના દાગીના તથા રોકડ મળીને ૫૦ હજાર ની મત્તાની ઘરફોડ કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. આ મામલે સે. ૭ પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીનો ગુનો નોંધવામાં આવ્યો છે. અને તે વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગ સઘન બનાવવા માંગ ઉઠવા પામી છે.

વાવોલ ગામમાં કોલવડા રોડ પર સ્થિત કેશવ પાર્ક સોસાયટીમાં રાત્રી દરમ્યાન બે મકાનોના તાળા તોડી તસ્કર ટોળકીએ ઘરફોડ ચોરીનો પ્રયાસ કર્યો હતો. જો કે બંને મકાનોમાંથી તસ્કરોના હાથમાં કાંઈ આવ્યું ન હતુ જેથી આ સંદર્ભે કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી ન હતી. તો બીજી તરફ આ સોસાયટીની બાજુ જ સ્થિત શુભમ રેસીડેન્સી ફલેટના એક બંધ મકાનના દરવાજાનો નકુચો તોડીને ઘરફોડ ચોરી થવા પામી છે. એ-બોલ્કમાં રહેતા પારૂલબેન અમરતભાઈ પટેલના બંધ મકાનનો નકુચો તોડીને ઘુસેલા તસ્કરો કબાટ ફેંદીને તેમાંથી સોનાનું મંગળસુત્ર, બુટ્ટી, વિંટી અને ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૩ હજાર મળીને કુલ રૂ. ૪૯,૫૦૦ ની કિંમતના સામાન ઉઠાવી ફરાર થઈ ગયા હતા. પારૂલબેનની ફરીયાદને આધારે સે. ૭ પીએસઆઈ જી.કે. પરમારે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

# સ્કૂલ ઓફ એચિવર આયોજિત અચિવર નવરાત્રી ઉત્સવમાં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા

ગાંધીનગર, તા. ૨૯

સ્કૂલ ઓફ એચિવર, કુડાસણ દ્વારા નવરાત્રી પર્વના ચોથા નોરતે 'રંગે-સંગે-ઉમંગે, અચિવર નવરાત્રી ઉત્સવ-૨૦૧૪' તા. ૨૮ સપ્ટેમ્બરને રવિવારે સાજે કલ્ચરલ ફોરમના વિશાળ ગરબા ગ્રાઉન્ડ ખાતે શાળાના બંને મિડિયમના વિદ્યાર્થીઓ, જોડાયા હતા. ત્યારબાદ સ્કૂલ ઓફ અચિવરના વિદ્યાર્થી, વાલી અને શિક્ષકગણ ખેલૈયાઓ સમૂહમાં તથા પોતપોતાના જૂથમાં નવરાત્રીના વિશાળ પાર્ટી પ્લોટમાં મન મુકીને ગરબે ઘુમ્યા હતા.

રાજ્યના જાણીતા અમિત ઠક્કર અને દિપ્તિ દેસાઈ ઓરકેસ્ટ્રાના ભારે ઉત્સાહ અને ઉમંગથી અવનવી, અનોખી સ્ટાઈલમાં અને લયબદ્ધ સ્ટેપ સાથે ગરબે ઝુમી રહ્યા હતા. ગ્રાઉન્ડ ખાતે એલઈડીના વિશાળ સ્કીન પર ગરબાઓનું જીવંત પ્રસારણ સૌના માટે આકર્ષક બની રહ્યું હતું અને આ નવરાત્રી મહોત્સવ સૌ માટે યાદગાર બની રહ્યો હતો.



વાલીઓ, શાળા પરિવાર, ટ્રસ્ટીગણ તથા પરિવાર તથા આમંત્રિતો સાથેની ૮ હજાર કરતાં પણ વધુ સંખ્યામાં ભારે ભક્તિભાવ સાથે ઉલ્લાસપૂર્વક અને શિસ્તબદ્ધ રીતે ગરબા મહોત્સવ યોજવામાં આવ્યો હતો.

ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહા સાહેબની પ્રેરક ઉપસ્થિતિમાં મા આદ્યશક્તિની આરતીમાં સૌ ભક્તિભાવપૂર્વક ગાયક કલાકારો, વાદ્ય કલાકારોએ સળંગ બે કલાક સુધી, નોનસ્ટોપ વિવિધ જાણીતા ગરબાઓના સુંદર મધુર ઢાળમાં ગરબાઓ ગવડાવી, રાસ-ગરબાની રમઝટ સાથે તરબોળ કરી દીધા હતા.

શાળાના વિદ્યાર્થીઓ, વાલીગણ, શિક્ષકો તથા આમંત્રિતો, સૌ ખેલૈયાઓ ભાતીગળ વસ્ત્રોમાં અને કલાત્મક આભૂષણોમાં સજ્જ થઈ

અંતે સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રજ્ઞેશભાઈ પટેલે આ ગરબા ઉત્સવમાં ઉપસ્થિત સૌ વાલીમિત્રો, વિદ્યાર્થીઓ, આમંત્રિતો સહિત આ મહોત્સવ સાથે સંકળાયેલા આયોજકો, કલચરલ ફોરમના સભ્યો અને સ્વયંસેવકો તથા અમિત ઠક્કર અને દિપ્તી દેસાઈ ઓરકેસ્ટ્રાના કલાકારોનો સુંદર સહયોગ બદલ હૃદયપુર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# પથિકાશ્રમ સર્કલ પાસે માનસિક ક્ષતિગ્રસ્ત વ્યક્તિને સારવાર અપાઈ : સેવાભાવિ સંસ્થાએ હાથ ઝાલ્યો

ગાંધીનગર, તા. ૨૯

સમગ્ર દેશ અને દુનિયામાં ગાંધીજીના કાર્યો અને ગાંધીજીની પૂજા થાય છે. ત્યારે મહાત્મા ગાંધીના નામ પરથી રાખેલ ગાંધીનગર શહેરને કોઈની નજર લાગી ગઈ છે અને નગરમાં માનવતા મરી પરવારી હોય એવું લાગી રહ્યુ ંછે. ત્યારે એક સેવાભાવી સંસ્થાએ હાથ ઝાલ્યો છે.

ગાંધીનગરને દુનિયાના લોકો અલગ અલગ દ્દષ્ટિથી જુએ છે. કોઈક મહાત્મા ગાંધીના નામથી તો કોઈક ગ્રીનસિટીથી કોઈક વ્યક્તિ શિક્ષણનું કાશી પણ કહે છે. પરંતુ આ નગરમાં સેવા કરનારા મહાનુભાવોની કમી લાગી રહી હોય તેવું જણાઈ આવે છે.

પાટનગરના પથિકાશ્રમ સર્કલ પાસે માનસિક વિકલાંગ વ્યક્તિ કેટલાય દિવસથી જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહ્યો છે. આ અજાણ્યો વિકલાંગ માનસિક ક્ષતિગ્રસ્ત છે. તેના શરીરે વિંટવા માટે એક કપડુ પણ નથી. અહિંયાથી દરરોજ હજારો લોકો પસાર થાય છે. નજર નાખે છે પરંતુ પરિણામ શૂન્ય. આ વ્યક્તિની વ્હારે ગાંધીનગરની એક સેવાકીય સંસ્થા આવી છે અને આ માનસિક ક્ષતિગ્રસ્ત વ્યક્તિને સારવાર માટે લઈ જવામાં ાવ્યો હતો. સિવિલ હોસ્પિટલના સ્ટાફને સંસ્થાના સભ્યો દ્વારા લેખિત બાહેંધરી આપ્યા બાદ આ વ્યક્તિનો ઈલાજ કરવામાં આવી રહ્યો છે.

# ત્રિદિવસીય વિવેકાનંદ મહોત્સવ નિમિત્તે સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈની ખેતડીયાત્રા

ગાંધીનગર, તા. ૨૯

રાજસ્થાનના શેખાવટી પંથકના ઐતિહાસિક નગર ખેતડી ખાતે રાષ્ટ્રકવિ રામધારી સિંહ દિનકર વ્યાસના નેજા હેઠળ યોજાયેલ ત્રિદિવસીય સાહિત્ય-શિક્ષણ-સંસ્કૃતિ પર્વનું ઉદ્ઘાટન જાણીતા સાહિત્યકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ કર્યુ હતું. સ્વામી વિવેકાનંદની બીજી દીક્ષાભૂમિ તરીકે ઓળખાતા આ નગરમાં સમગ્ર શેખાવટી પંથક ઉપરાંત દેશનાં સોળ રાજ્યોના વિદ્વાનોએ ઉમળકાભેર ભાગ લીધો હતો. તા. ૨૧-૨૨-૨૩ સપ્ટેમ્બર-૨૦૧૪ ના ત્રણ દિવસના આ વિશિષ્ટ સમારંભમાં ઉત્તરાખંડના પૂર્વ મુખ્યમંત્રી ભગતસિંહ કોશિયારી સમાપન સમારોહના અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. કેશુભાઈ દેસાઈએ ખેતડીનરેશ અજિતસિંહ અને સ્વામી વિવેકાનંદના ઘનિષ્ઠ સંબંધની યાદ અપાવતાં જણાવ્યું હતું કે વિવિદિશાનંદ જેવું વિચિત્ર નામ ધરાવતા અકિંચન સાધુને 'વિવેકાનંદ' નામ ખેતડીનરેશે આપ્યું હતું. રઝળપાટ કરતા પ્રતિભાશાળી યુવા સાધુને એમણે જ અમેરિકાની ધર્મપરિદમાં ભાગ લેવાની પ્રેરણા આપી હતી અને જરૂરી નાણાંકીય સહાય પુરી પાડી હતી. વિવેકાનંદને વિશ્વનાયક બનાવનાર ખેતડી અને ખેતડીના રાજાનું સમુચિત સન્માન થાય તે જરૂરી છે. ઉપસ્થિત મહેમાનો પૈકી ભારત સરકારની લલિતકલા અકાદમીના અધ્યક્ષ ડૉ. કલ્યાણકુમાર ચક્રવર્તી, છત્તીસગઢથી પધારેલા પૂર્વ કેબિનેટ મંત્રી સત્યનારાયણ શર્મા, કવિ ગિરીશ પંકજ, મુંબઈ યુનિવર્સિટીના હિંદી વિભાગના અધ્યક્ષ ડૉ. રતનકુમાર પાંડેય, શાંતિનિકેતન (કોલકત્તા) થઈ પધારેલા પ્રોફેસર સુભાષ રાય વગેરે મહાનુભાવોએ ત્રિદિવસીય શિક્ષણ-સંસ્કૃતિ સમારોહમાં મનનીય વ્યાખ્યાનો આપ્યાં હતાં. આ ત્રણે દિવસો દરમિયાન મુંબઈના જાણીતા રંગકર્મી મુજીબખાનની નાટ્યસંસ્થા 'આઈડિયા' દ્વારા 'સ્વામી વિવેકાનંદ' નાટક ઉપરાંત પ્રેમચંદની વાર્તાઓનું અને દિનકર કૃત 'રશ્મિરથી'નું મંચન કર્યું હતું. સમારોહની શરૂઆત પ્રભાતફેરીથી થઈ હતી અને સમાપન ડૉ. કેશુભાઈ દેસાઈ અને રામધારીસિંહ દિનકર સ્મૃતિ વ્યાસના અધ્યક્ષ નીરજકુમાર દ્વારા રચિત ખેતડી વિકાસ પરિષદના સર્વગ્રાહી ઠરાવથી થયું હતું. આ પ્રસંગે છત્તીસગઢના જાણીતા કવિ-સર્જક ગિરીશ પંકજની નવલકથા 'એક ગાયકી આત્મકથા'નું ડૉ. કેશુભાઈ દેસાઈના વરદહસ્તે વિમોચન પણ યોજાયું હતું. સમારોહનું સંયોજન ખેતડીની વિવેકાનંદ વિદ્યાલયના સંચાલક અશોક શેખાવતે કર્યું હતું.

# આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૨
સૂર્યાસ્ત : ૬.૨૭

### તાપમાન

મહત્તમ : ૩૬.૮ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૭૫ ટકા ● સાંજે ૬૭ ટકા

### મનોરંજન

**સીટી પલ્સ**

: સ્કીન-૨ :
ખૂબસૂરત : ૧૦.૦૦

સ્કીન-૩ :
ડિલીવર અસ ફ્રોમ એવિલ (અંગ્રેજી) : ૪.૦૦, ૭.૦૦, ૯.૩૦

: સ્કીન-૪ :
ખૂબસૂરત : ૧૦.૦૦
દાવત એ ઈશ્ક : ૧૨.૧૫, ૭.૪૫
૩ એ.એમ. : ૨.૩૦
બે યાર (ગુજરાતી) : ૫.૦૦
ડેસી કટ્ટે : ૧૦.૦૦

: સ્કીન-૫ :
૩ એ.એમ. : ૧૦.૦૦
ડેસી કટ્ટે : ૧૨.૩૦, ૬.૩૦
ખૂબસૂરત : ૩.૩૦
દાવત એ ઈશ્ક : ૧૦.૦૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
ડેસી કટ્ટે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્કીન-૨ :
દાવત એ ઈશ્ક : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫
૩ એ.એમ. : ૧.૧૫, ૭.૧૫

સ્કીન-૩ :
બલવિંદરસિંઘ ફેમસ હો ગયા : ૧૦.૦૦, ૭.૦૦
દાવત એ ઈશ્ક : ૧.૦૦
૩ એ.એમ. : ૪.૦૦, ૧૦.૦૦

### આપની આજ

**મેષ** : નોકરીમાં સહકર્મચારીઓ, મિત્રોનો સાથ- સહકારી મળી રહે. ધર્મમાં આસ્થા વધશે. અટવાયેલા કાર્યોનું નિરાકરણ આવી શકે છે. લાભનો માર્ગ મોકળો બનતો જણાય.

**વૃષભ** : જીવનમાં વિવિધતા પૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વ્યાપાર-વ્યવસાયક્ષેત્રમાં વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**મિથુન** : કાર્યક્ષેત્રમાં મિત્રોનો સાથ સહકાર મળી શખે છે. આર્થિક લાભની તક મળી શકે છે. નોકરીમાં પદ- પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. ઋણથી મુક્ત થઈ શકો છો.

**કર્ક** : આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. ચિંતાથી મુક્તિ મળી શકે છે. સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે.

**સિંહ** : વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં સ્રોત તરફ વિચાર-વિમર્શ થઈ શકે છે. ધર્મ-આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતતનો યોગ. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે.

**કન્યા** : સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ મળી શકે છે. ચિંતાઓમાંથી બહાર આવવાનો માર્ગ મળી શકે છે. કુંટબમાં ઉભી થયેલી સમસ્યાઓનો ઉકેલ આવી શકે છે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે.

**તુલા** : સામાજિક માન- સન્માનમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં પ્રતિષ્ઠામાં વધારો અપાવી શકે છે.

**વૃશ્ચિક** : વેપારમાં કાર્યક્ષેત્રનો વિકાસ અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકે છે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા છે. વિદ્યાર્થીવર્ગ ને દિવસ આનંદમય રીતે પસાર થશે.

**ધન** : વેપાર ક્ષેત્રમાં થયેલ પ્રવાસ લાભદાયી નીવડી શકે છે. અટકાયેલા નાણાં પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક જવાબદારીઓની ચિંતા હળવી બને.

**મકર** : ખાનપાનમાં ગડબડીથી પેટમાં તકલીફ થઈ શકે છે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. નોકરીમાં ઉપરવર્ગના અધિકારીઓ સાથે વાદવિવાદ ઉભો થતો હોય તેવી બાબતોથી દૂર રહેવું.

**કુંભ** : કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. ભૂમિ- સંપતિના સોદામાં લાભ થવાની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે.

**મીન** : અથાગ પ્રયત્ન કરવા છતાં ઓછો લાભ મળી શકે. નકામો તનાવ, મુશ્કેલીઓના ભારણ નીચે દબાતા હોવાનો અનુભવ થતો જણાય.અનુભવીનું માર્ગદર્શન લેવું.

### ચિરવિદાય

- સ્વ. સીતાબેન પ્રતાપજી બારોટ (ઉ.વ.૮૫) મુ. રૂપાલ, તા.જી. ગાંધીનગર
- સ્વ. આરતીબેન અનિલકુમાર જૈન (ઉ.વ.૫૦) પ્લોટ નં. ૨૩/૨, સેક્ટર-૨સી, ગાંધીનગર
- સ્વ. યાગલીબેન સંજયભાઈ સોલંકી (ઉ.વ.૧૯) ૨૮/૧૧૭, શ્રીનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર
- સ્વ. વર્ષાબેન અલ્કેશભાઈ રાવલ (ઉ.વ.૪૫) ૨૭૨, બ્રાહ્મણ વાસ, મુ. મહુદરા, તા.જી. ગાંધીનગર
- સ્વ. સોનીબેન વાઘાજી ઠાકોર (ઉ.વ.૭૫) ગામ - લેકાવાડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મધીબેન રામાભાઈ પરમાર (ઉ.વ.૯૩) મુ. પાલજ, તા.જી. ગાંધીનગર